# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડોક્ટર મનમોહનસિંહના આજે અંતિમ સંસ્કાર કરાશે.
2) રાજ્યમાં ખાનગી સમૂહ દ્વારા કરાયેલી 6 હજાર કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસમાં મુખ્ય આરોપીની મહેસાણાથી ધરપકડ
3) સુરતમાં સરકારી જમીન પરના ગેરકાયદે દબાણ દૂર કરાતા કરોડો રૂપિયાની જમીન ખૂલ્લી કરાવાઈ.
4) રાજ્યના કેટલાંક જિલ્લાઓમાં આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી.
5) સુરેન્દ્રનગર જિલ્લામાં આજે રાજ્યકક્ષાની પાંચમી ચોટીલા આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# AKASHVANI- FUNERAL BROADCAST

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહની અંતિમ યાત્રા આજે સવારે સાડા નવ વાગ્યે નવી દિલ્હીના કૉંગ્રેસ મુખ્યમથક ખાતેથી નીકળી સ્મશાન ઘાટ પહોંચશે. ડૉ. મનમોહન સિંહના રાજકીય સન્માન સાથે આજે અંતિમ સંસ્કાર કરાશે. આજે સવારે તેમના પાર્થિવ શરીરને તેમના આવાસથી કૉંગ્રેસ કાર્યાલય ખાતે લઈ જવાશે અને ત્યાં સામાન્ય નાગરિકો અને પક્ષના કાર્યકર્તાઓ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે.

કૉંગ્રેસ કાર્ય સમિતિ- CWCએ ગઈકાલે ડૉ. મનમોહન સિંહના અવસાન પર એક શોક પ્રસ્તાવ પસાર કર્યો હતો.

પૂર્વ પ્રધાનમંત્રી ડો.મનમોહન સિંહના અંતિમ સંસ્કાર આજે કરવામાં આવશે. આકાશવાણીનું દિલ્હી કેન્દ્ર સવારે 11 વાગ્યાથી તેના એફએમ પર પ્રસારણ શરૂ કરશે. રેઈન્બો, ઈન્દ્રપ્રસ્થ, આકાશવાણી લાઈવ ન્યૂઝ 24x7 ચેનલ પર અંતિમ સંસ્કારનું જીવંત પ્રસારણ કરશે. આકાશવાણીની તમામ સ્થાનિક અને પ્રાથમિક ચેનલો પણ તેનું પ્રસારણ કરશે.

---------------------------------------------------------------------

- **POOL- PRAVESH,** NAVIN

# AHD FLOWER SHOW

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહના અવસાન નિમિત્તે અમદાવાદમાં 31 ડિસેમ્બર સુધી યોજાયેલા કાંકરિયા કાર્નિવલને સંપૂર્ણપણે રદ કરાયો છે. જ્યારે જાન્યુઆરી મહિનામાં યોજાનારા ફ્લાવર શૉ અંગે આગામી દિવસોમાં જાણ કરાશે એમ અમદાવાદ શહેરનાં મેયર પ્રતિભા જૈને જણાવ્યું હતું.

**(બાઈટઃ પ્રતિભા જૈન, મેયર, અમદાવાદ શહેર)**

-----------------------------------------------------------------------

- **(AHMEDABAD MUNICIPAL CORPORATION TWITTER- PRAVESH ADIACHA)**, NAVIN

# SUZUKI-NDDB AGREEMNET

દેશમાં બાયોગેસ પ્લાન્ટના વિસ્તરણ માટે સુઝૂકી મોટર કોર્પોરેશન અને **રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ** -એનડીડીબી વચ્ચે કરાર કરાયા છે. આ કરાર મુજબ, આ કંપની એનડીડીબી મૃદા લિમિટેડમાં રોકાણ કરશે. ભારતમાં કાર્બન તટસ્થતા  હાંસલ કરવા બાયોગેસ પ્લાન્ટ્સ સ્થાપી શકાય તે માટે અન્ય ડેરી સહકારી મંડળીઓની સાથે સહયોગ સાધવામાં આવી રહ્યો છે.

આણંદના અમારા પ્રતિનિધિ પરેશ મકવાણા જણાવે છે કે આ અગાઉ એસઆરડીઆઈએ રાજ્યમાં છાણ-આધારિત કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટે એનડીડીબીની સાથે ભાગીદારી કરી હતી. હાલમાં બનાસ ડેરીની સાથે બનાસકાંઠા જિલ્લામાં આવા ચાર પ્લાન્ટ સ્થાપવાની કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત, અમૂલ, દૂધસાગર અને અન્ય ડેરી સહકારી મંડળીઓ સાથેના સહયોગમાં વધારાના પ્લાન્ટ્સ સ્થાપવાની પણ યોજના છે.

-----------------------------------------------------------------------

- પીટીસી આણંદ, કરણ, NAVIN

# BZ KAUBHAND AROPI

**રાજ્યમાં એક ખાનગી સમૂહ દ્વારા કરવામાં આવેલી 6 હજાર કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસમાં CID ક્રાઈમની ટીમે મુખ્ય આરોપી ભૂપેન્દ્ર ઝાલાની મહેસાણાથી ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ, છેલ્લા એક મહિનાથી ફરાર આ મુખ્ય આરોપીને CID ટીમ હાલમાં વિસનગર પોલીસમથક લઈ ગઈ છે. ત્યાંથી તેમને ગાંધીનગર લઈ જવામાં આવશે.**

---

- **(DD NEWS GUJARATI- PRAVESH ADIACHA)**, NAVIN

# NARMADA KUBER DINDOR

રાજ્યના કેબિનેટ મંત્રી ડૉક્ટર કુબેર ડિંડોરે ગઈકાલે રાજપીપળા આદર્શ નિવાસી કુમાર છાત્રાલયની આકસ્મિક મુલાકાત લીધી હતી. દરમિયાન શ્રી ડિંડોરે બાળકોને અપાતા ભોજન, રહેઠાણ અને સરકાર દ્વારા અપાતી સુવિધાઓનું નિરીક્ષણ કરી બાળકો સાથે સંવાદ કર્યો હતો.

---------------------------------------------------------------------

- (HINDUSTHAN SAMACHAR- PRAVESH ADIACHA), NAVIN

# CHHOTA UDEPUR SANSAD -VISIT

છોટાઉદેપુરના સાંસદ જસુ રાઠવાએ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં પાણી પુરવઠા વિભાગના ચાલી રહેલા વિકાસના કાર્યોની મુલાકાત લીધી. સાંસદે 53 ગામોને પાણી પૂરું પાડવાની 71 કરોડના ખર્ચે નિર્માણાધીન યોજનાના કામની મુલાકાત લઈ જરૂરી સૂચનો કર્યા હતા.આ અંગે સાંસદે આ મુજબ જણાવ્યું.

## બાઈટ : જસુભાઈ રાઠવા,સાંસદ,છોટાઉદેપુર

---------------------------------------------------------------------

- (પીટીસી- છોટાઉદેપુર અને એનડીએમએસ)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

........................................

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 117મી કડી હશે.

આ કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વૅબસાઈટ અને newsonair મૉબાઇલ એપ પર કરાશે. ઉપરાંત AIR ન્યૂઝ, ડીડી ન્યૂઝ, PMO અને માહિતી પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચૅનલો પર પણ 'મન કી બાત' કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી પર હિન્દી ભાષામાં પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

---------------------------------------------------------------------

- રીપીટ

# NATIONAL PHARMACEUTICAL EDUCATION

રાષ્ટ્રીય ફાર્માસ્યુટિકલ શિક્ષણ અને સંશોધન સંસ્થા નાઈપર–અમદાવાદનો ૧૧મો પદવીદાન સમારોહ ગાંધીનગર ખાતે યોજાયો. આ કાર્યક્રમમાં ઔષધ નિર્માણ વિજ્ઞાનમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરનારા 173 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

મેરિટમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને પ્રતિષ્ઠિત પુરસ્કાર અને વિષય પ્રમાણે પ્રથમ સ્થાન આવનારા વિદ્યાર્થીઓને સમ્માનિત કરાયા હતા. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ભરતપૂરની  મહારાજા સુરજમલ બ્રીજ વિશ્વવિદ્યાલયના કુલપતિ રમેશ ચંદ્રા ઉપસ્થિત રહ્યા હતા.

---

- પીટીસી ગાંધીનગર, કરણ , NAVIN

# SURAT DABAN

સુરતમાં મામલતદારોની ટુકડીઓ દ્વારા સરકારી જમીન પરના ગેરકાયદે દબાણ દૂર કરાતા કરોડો રૂપિયાની કિંમતની જમીન ખૂલ્લી થઈ છે. જિલ્લા કલેક્ટર ડૉક્ટર સૌરભ પારધીના માર્ગદર્શન હેઠળ કરાયેલી કાર્યવાહી મુજબ મજૂરા વિસ્તારના સરસાણા ખાતે 23 હજાર 472 ચોરસ મીટરની 34 કરોડ 20 લાખ રૂપિયાની કિંમતની સરકારી જમીન પર વાણિજ્યક ગેરકાયદે બાંધકામ દૂર કરાયું હતું.

જ્યારે મગોબ ગામમાં 27 હજાર ચોરસ મીટરની 83 કરોડ 70 લાખ રૂપિયાની કિંમતની જમીન પર તો ઉબેર ખાતે આઠ હજાર ચોરસ મીટરની 5 કરોડ 36 લાખ રૂપિયાની કિંમતની સરકારી જમીન પર દબાણ દૂર કરાયા છે. પોલીસ, મહાનગરપાલિકા અને મામલતદારોની ટીમે આ મેગા ડિમોલિશન હાથ ધર્યું હતું.

---------------------------------------------------------------------

- **(HINDUSTHAN SAMACHAR- PRAVESH ADIACHA)**, NAVIN

# 31ST -SABARKANTHA

31 ડિસેમ્બરની ઉજવણીને લઈને સાબરકાંઠા જિલ્લાની સરહદો પર જીલ્લા પોલીસ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરાયું છે. પોલીસ દ્વારા જિલ્લાની સરહદો પર ચાંપતો પોલીસ બંદોબસ્ત કરાયો છે.

આ અંગે પોલીસ ઇન્સ્પેકટર ડી એમ પઢેરીયાએ આ મુજબ માહિતી આપી હતી

## બાઈટ - ડી એમ પઢેરીયા ખેડબ્રહ્મા પીઆઇ

---------------------------------------------------------------------

- (NDMS)

# VALSAD UDVADA UTSAV

વલસાડના ઉદવાડા ગામમાં પારસી સંસ્કૃતિના મહત્વને ઉજાગર કરવાના ઉદ્દેશ્યથી ત્રણ દિવસના ઇરાનશાહ ઉદવાડા ઉત્સવનો પ્રારંભ થયો છે. કાર્યક્રમની શરૂઆતમાં વડાદસ્તુએ દેશમાં સુખાકારી માટે પાર્થના કરી હતી. તેમણે ઉદવાડા ગામના લોકોને એમ્બ્યુલન્યની ભેટ આપી હતી.

આ કાર્યક્રમ માટે લાઇટિંગથી સુશોભિત કરાયેલા ત્રણ ડ્રોમ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.આ ઉત્સવમાં દેશ વિદેશના પારસીઓ ઉપસ્થિત રહેશે.

---

- પીટીસી વલસાડ, કરણ, NAVIN

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે આજે રાજ્યના કેટલાંક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરી છે. જ્યારે આવતીકાલે દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં હળવા વરસાદની સંભાવના છે. જોકે, ગઈકાલે રાજ્યના અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ વરસ્યો હતો.

સત્તાવાર યાદી મુજબ, રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું 11 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું હતું. જ્યારે ભુજમાં 12, કંડલના હવાઈમથક, રાજકોટ, અને અમરેલી અને જુનાગઢના કેશોદમાં 14, કંડલા બંદર પર 15 અને અમદાવાદમાં 19 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

ડાંગનાં અમારાં પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, જિલ્લામાં 2 દિવસથી વાતાવરણમાં પલટો આવતા આહવા તાલુકામાં વરસાદ વરસ્યો હતો. જ્યારે ગિરિમથક સાપુતારા અને તેના તળેટી વિસ્તાર સહિત બરડ પાણી ગલકુંડ બોરખેત, નીલસાક્યા, ચંખલ સહિત અન્ય ગામડાઓમાં વરસાદ વરસ્યો હતો.

---

- **(IMD AHMEDABAD- PRAVESH ADIACHA)**, NAVIN

# SURENDRANAGAR BAL ADHIKAR AYOG

ગુજરાત રાજ્ય બાળ અધિકારી સંરક્ષણ આયોગનાં અધ્યક્ષ ધર્મિષ્ઠા ગજ્જરે ગઈકાલે સુરેન્દ્રનગર જિલ્લાની મુલાકાત લીધી હતી. દરમિયાન તેમણે શૈક્ષણિક કાર્ય અને મનોરંજનાત્મક બાબતો, આરોગ્યલક્ષી સેવાઓ, પોષક આહાર, સામાજિક સુરક્ષા, બાળ અધિકારો જેવી બાબતો અંગે બાળકો, સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ચર્ચા કરી હતી.

દરમિયાન તેમણે બાળ સંભાળ સંસ્થાઓ, છાત્રાલયો, શાળાઓ, આંગણવાડી, હૉસ્પિટલ-બાળ દર્દીઓના વૉર્ડ, પોલીસમથક, સખી વન સ્ટૉપ સેન્ટર, બાળ કલ્યાણ સમિતિ જેવી સંસ્થાઓની મુલાકાત પણ લીધી હતી.

---------------------------------------------------------------------

- **(PTC- SURENDRANAGAR- PRAVESH ADIACHA)**, NAVIN